| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૭/૦૭/૨૦૨૦ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૧૬/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૩૧૯ | ૨૫ | ૯૩૩૮ | ૧૫૩૭૧ | ૨૫ | ૧૫૩૯૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૨ | ૦ | ૪૨૬૨ | ૫૭૭૮ | ૦ | ૫૭૭૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૦૭૩૨ | ૮૩ | ૧૦૮૧૫ | ૧૧૪૭૦ | ૬૧ | ૧૧૫૩૧ |
| કુલ | | ૨૪૩૫૦ | ૧૦૮ | ૨૪૪૫૮ | ૩૨૮૨૨ | ૮૬ | ૩૨૯૦૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૩ | ૫,૪૩,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧૦૦ | ૬,૨૦,000/- |

# ચોરીના આરોપીની અટકાયતની વિગત

## રાણીપ પોલીસ સ્ટેશન :-

### લેપટોપ ચોરીના આરોપીઓને મુદ્દામાલ લેપટોપ સાથે પકડી પાડતી

મે.પોલીસ.કમિશ્નરસાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ.કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબશ્રી ઝોન -૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનાઓના સીધા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન પોલીસ સબ ઇન્સ્પેક્ટર જી.જી સોલંકી તથા એ.એસ.આઇ પ્રવીણકુમાર હીરાભાઈ બ.નં ૭૫૩૩ તથા આ.હે.કો જીતેન્દ્રકુમાર ખાતુંજી બ.ન ૫૮૦૨ તથા અ.લો.ર સુંડાભાઈ વિરમભાઇ બ.ન ૧૨૩૧૩ નાઓ તમામ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન પોલીસ સબ ઇન્સ્પેક્ટર જી.જીસોલંકી નાઓની ખાનગી બાતમી હકીકત આધારે ચીમનભાઈ પટેલબ્રિજ ની નીચે આરોપીઓ(૧)કૈલાશ ઉર્ફે દાંતલો સ/ઓ પોપટભાઈ જાતે દંતાણી ઉ.વ ૩૧ જોગણીમાતાની ચાલી શંકરભુવનના છાપરા શાહપુર અમદાવાદ શહેર તથા મૂળ વતન ગામ દેણજ તા.જી મહેસાણા તથા (૨) કનૈયો સ/ઓ ભિખાભાઇ જાતે દંતાણી ઉ.વ ૪૨ ધંધો છુટક મજુરી રહે બ્લોક નં ૩૦ મ.નં ૯૪૪ પહેલો માળ ઔડાના મકાનમાં ભાઠા ગામ,વાસણા અમદાવાદ શહેર નાઓ બંન્ને આરોપીઓ પાસેથી એક MICROSOFT NEW SURFACE PRO કંપનીનુ લેપટોપ સીરીયલ નંબર ૧૨૮૧૨૮૦૬૫૩ તથા લેપટોપ પેનMICROSOFT SURFACE PEN CHARCOAL EYU સીરીયલ નંબર૧૩૪૯૬૫૮૧૯૫૭૪ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરી રાણીપ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં૧૧૧૯૧૦૦૨૨૦૦૪૭૯/૨૦૨૦ ધી.ઇ.પી.કો કલમ-૩૮૦,૪૫૪,૧૧૪ મુજબનો ગુનો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે તેમજ આરોપીઓના બીજા અન્ય ગુનાઓ તેમજ મુદ્દામાલ બાબતે કાર્યવાહી હાલમાં ચાલુ છેતારીખ ૦૭/૦૭/૨૦૨૦

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાન્ચ :-**

## મણીનગર પોલીસ સ્ટેશન સને-૨૦૧૯ મા એલ.જી.હોસ્પિટલમા થયેલ ચર્ચાસ્પદ હત્યાના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશનરશ્રી અજય તોમર સાહેબ, નાયબ પોલીસ કમિશનરશ્રી દીપન ભદ્રન સાહેબ, મદદનીશ પોલીસ કમિશનરશ્રી બી.વી.ગોહિલ સાહેબ તરફથી મિલ્કત સબંધી તેમજ શરીર સબંધી ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવા તથા આવા ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાયદેસર કરવા આપેલ સુચના અનુસાર પોલીસ ઇન્સપેકટરશ્રી જે.એન.ચાવડા સાહેબે આપેલ માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સપેકટર શ્રી કે.એમ બેરીયા તથા પો.સબ.ઇન્સ.શ્રી બી.પી.દેસાઇ તેમની ટીમના માણસો ઉપરોકત કામગીરી સબંઘે કાર્યરત હતા, દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતેથી આરોપી હફીજખાન હમીદખાન પઠાણ ઉ.વ.૨૭ રહે, મકાન નં.૧૩૩૩, સુરતી સોસાયટી રામોલ પો સ્ટેની પાસે રામોલ અમદાવાદ, હાલ રહે, પ્રાચીના સોસાયટી મકાન નં.૨૨,જાવેદ પાર્ક સોસાયટીની સામે સરદાર સ્મુતિ સોસાયટીની બાજુમા જુહાપુરા અમદાવાદનાને ઝડપી પાડવામા આવેલ છે.

ઉપરોક્ત આરોપી મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૬/૧૯ ઇ.પી.કો.કલમ ૧૪૩,૧૪૪,૧૪૬, ૧૪૭, ૧૪૮,૧૪૯,૧૫૨,૩૨૩,૩૦૨,૩૩૨,૩૪૨,૪૨૭, વિગેરે મુજબના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો રહેલ હોઇ તેની ધરપકડ કરી વધુ તપાસ અર્થે મણીનગર પો.સ્ટે સોપવા તજવીજ કરવામા આવેલ છે.

સને ૨૦૧૯ માં અમદાવાદ શહેરમા રામોલ તથા એલ.જી.હોસ્પિટલમા થયેલ ચર્ચાસ્પદ ડબલ મર્ડર કેસમા હકિકત એવી છે કે, રામોલ જંતાનગર જૈન મંદીરની બાજુમાં પકડાયેલ આરોપીના કુટુંબીભાઇ રમીઝખાન અમનખાન પઠાણનુ સામાવાળા તરફથી મર્ડર કરવામા આવેલ જેમાં સામાવાળાને પણ ઇજા થયેલ હોઇ જેઓ સારવાર માટે એલ.જી હોસ્પિટલ ખાતે સારવાર માટે ગયેલ હોવાનુ પકડાયેલ આરોપીને જાણવા મળતા પોતે પણ એલ.જી.હોસ્પિટલ ખાતે પહોંચી ગયેલ અને તેના સગા સબંધી/મિત્રોની સાથે મળી સારવાર લઇ રહેલ અમીર યાસીનભાઇ શેખને માર મારી મોત નિપજાવી તેમજ એલ.જી હોસ્પિટલમા હાજર સ્ટાફને પણ ઇજાઓ કરી હોસ્પિટલને નુક્શાન કરી આરોપીઓ નાશી ગયેલ હતા. જે બાબતે મણીનગર પો સ્ટે દાખલ થયેલ મર્ડરના ગુન્હામા સદરી આરોપી છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો રહેલ જેને પકડી પાડવામા આવેલ છે.

## ચાંદખેડા પોલીસ સ્ટેશન :-

## મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-87/2015 ના ગુનાના નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ચાંદખેડા પોલીસ

મે,પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-01, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-02, અમદાવાદ શહેર તથા મ.પો.કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી બી.કે.ગમાર ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોડના ઇંચાર્જ પો.સ.ઈ. શ્રી જી.વી.ચૌધરી તથા સાથેના સ્ટાફના અ.પો.કો. વિપુલકુમાર બાબુભાઇ બ.નં-6185 તથા અ.પો.કો. સંજયસિંહ દશરથસિંહ બ.નં-5012 નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના અ.પો.કો. સંજયસિંહ દશરથસિંહ બ.નં-5012 તથા અ.પો.કો. વિપુલકુમાર બાબુભાઇ બ.નં-6185 નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-87/2015 ધી ઈપીકો કલમ 392,170,365, 388,327,120(બી) મુજબના કામે નાસતા ફરતા આરોપી નામે પ્રકાશ સ/ઓ રમેશચન્દ્ર જાતે-શિકારી રહે-બ્લોક નં-04 રૂમ નં-114 ઔડાના ફ્લેટ આવકાર બંગ્લોઝની સામે ન્યુ.સી.જી.રોડ ચાંદખેડા અમદાવાદ શહેર નાને એક માઇક્રોમેક્સ કંપનીનો ગોલ્ડન કલરનો મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઇ.આઇ. નંબર 911609753616974 તથા 911609754116974 નો છે જેની કિં.રૂ.2500/- ગણી તેમજ સદરીના કબ્જાની સફેદ કલરની સ્વીફ્ટ ગાડી જેનો નં-GJ-01-HS-2299 કે જેનો એન્જીન નં-D13A1091753 તથા ચેચીસ નં- MA3FKEB1S00327147 નો છે જેની કિં.રૂ.02,00,000/- ગણી કુલ્લે કિં. રૂ. 02,02,500/- નો મુદ્દામાલ કબ્જે કરી સદરી આરોપીને તા.06/07/2020 ના કલાક.19/55 વાગ્યે સી.આર.પી.સી. કલમ.41(1)(આઇ) મુજબ પકડી અટક કરવામા આવેલ છે જે બાબતે આરોપી તેમજ મુદ્દામાલને મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરેલ છે. તા.06/07/2020

# અપહરણકર્તા આરોપીની અટકાયતની વિગત

## વટવા પોલીસ સ્ટેશન :-

## વટવા પોલીસે ગુમ/અપહરણ થયેલ બાળાઓને શોધી કાઢતી

પોલીસ કમીશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી નિપૂણા તોરવણે સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપીન અહિરે સાહેબ તથા મ.પો.કમિ. “જે” ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓની પો.સ્ટે. વિસ્તારમા ગુમ/અપહરણ થયેલ બાળાઓને શોધી કાઢવાની સુચના તથા માર્ગદર્શન મળેલ જે આધારે વટવા પોલીસ સ્ટેશન એ. પાર્ટ ગુ.ર.નં- ૧૧૧૯૧૦૩૮૨૦૦૧૭૧ ધી ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬ મુજબના ફરીયાદી સુરેંદ્રભાઇ સત્યનારાયણ પટેલ (કુર્મી) રહે: બચુભાઇ નો કુવો વટવા અમદાવાદ શહેરની ફરીયાદના કામે ફરીયાદી ની દિકરી નાનીને આ કામના આરોપી ગુરુપ્રસાદ ઉર્ફે અજીત સુરજપાલ ધુરીયા રહે: ગામ ચાંદીકલા તા: મહુધા થાના :સિસોલ જી: હમીરપુર ઉત્તરપ્રદેશ નાનો ભગાડી લઇ ગયેલ હોય વિગેરે ફરીયાદના કામે ટેકનીકલ તથા હ્યુમન સોર્સથી તપાસ કરતા ભોગબનનાર તથા આરોપી બન્ને ઉત્તરપ્રદેશમા બાંદા ખાતે હોવાની હકીકત મળતા સીની. પો. ઇન્સ. એચ.વી.સીસારા. નાઓના માર્ગદર્શન હેઠળ વુ.પો.સ.ઇ. શ્રી એન.એસ. ભદોરીયા + ૦૩ નાઓની ટીમ બનાવી યુ.પી. ખાતેના બાંદા તથા હમીરપુરજીલ્લા મા તપાસ અર્થે મોકલી આપતા હ્યુમન તથા ટેકનીકલ સોર્સ આધારે તપાસ કરતા ભોગ બનનાર તથા આરોપી ગુરુપ્રસાદ ઉર્ફે અજીત સુરજપાલ ધુરીયા નાઓને ઉત્તરપ્રદેશ હમીરપુર ખાતે થી પકડી અત્રે લાવતા કાયદેસરની તપાસ સરુ કરેલ છે

# ગુમ થનાર બાળકને મહારાષ્ટ્ર ખાતેથી શોધી લાવી

## ગાયડવાડ હવેલી પોલીસ સ્ટેશન :-

## ગુમ થનાર બાળકને મહારાષ્ટ્ર ખાતેથી શોધી લાવી તેના પિતાને કબ્જો શોપતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.અમદાવાદ પોલીસ કમિશ્નર શ્રી તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી "ઇ" ડીવીજન સા.શ્રી નાઓ તરફથી ગુમ થનાર બાળકોને શોધી કાઢવા સુચના આપેલ હોય અને ગા.હવેલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.-A-૧૧૧૯૧૦૨૧૨૦૦૧૭૫/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ.૩૬૩ મુજબના ગુન્હાના કામે ફરીયાદી શાહબુદીન ઇબ્રાહીમભાઇ જાતે-પાધરસી (વોરા) ઉ.વ-૪૦ ધંધો-છુટકમજુરી રહે-મ.નં-૦૭,મોઇનરેસીન્ડસી ગોકુલ ધામ અંબર ટાવર પાસે ફતેવાડીવેજલપુર અમદાવાદ શહેર નાઓએ જાહેરાત કરેલ કે તેમનો છોકરો નામે સુજલ શાહબુદીન જાતે-પાધરસી (વોરા) ઉ.વ.૧૩ રહે-સદર નાનો તા-૦૮/૦૯/૨૦૧૯ ના કલાક ૧૭/૦૦ વાગ્યાના સુમારે જમાલપુર ખાનજા દરવાજા ખાતે આવેલ જામીયા કંઝુલ ક્લુમ નામની મદ્રેસામાંથી પોતાના નાનીને મળવા માટે શાહઆલમ ખાતે જવાનુ કહી પોતાની મરજીથી મદ્રેસામાંથી જતો રહેલ છે અને પરત મદ્રેસા ખાતે આવેલ નથી અને શોધખોળ કરવા છતા મળી આવેલ ન હોય અને કોઇ અગમ્ય કારણસર તેનું કોઇ અજાણ્યા ઈસમ અપહરણ કરી લઈ ગયેલ નુ જણાવતા ઉપરોકત નંબરથી ગુન્હો દાખલ કરેલ હોય જેની તપાસ પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રી નાઓ કરતા હોય અને તપાસ ચાલુ હતી તે દરમ્યાન ગુમ થનાર બાળક બાબતે એક મોબાઇલ નંબરથી તેની માતાને ફોન આવેલ કે તેમનો છોકરો થાને મહારાષ્ટ્ર ખાતે છે તેમ જણાવેલ હોય જેની જાણ અત્રેના પોલીસ સ્ટેશન ખાતે કરતા પો.ઇન્સ શ્રી એન.એન.પરમાર સાહેબ નાઓએ આવેલ મોબાઇલ નંબરથી માહીતી મેળવી અને તે ઉપરથી ટેકનીકલ સર્વેલન્સ આધારે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સા.શ્રી તથા સ્ટાફના માણસો પો.કો ભાણજીભાઇ શીવાભાઇ તથા અ.લો.ર મહાદેવભાઇ મોતીભાઇ સાથે મહારાષ્ટ્ર ખાતે જઇ મેળવેલ માહીતી આધારે ગામ-અંબરનાથ થાને મહારાષ્ટ્ર ખાતેથી ગુમ થનાર બાળક નામે સુજલ શાહબુદીન જાતે-પાધરસી (વોરા) ઉ.વ.૧૩ નાઓને શોધી કાઢી પરત અત્રેના પોલીસ સ્ટેશન ખાતે લાવી તેનો કબ્જો તેઓના પિતાને સોપી સારી કામગીરી કરવામાં આવેલ છે



# ચેઇન સ્નેચરના આરોપીની અટકાયતની વિગત

## મણીનગર પોલીસ સ્ટેશન :-

### ચેઈન સ્નેચીંગ કરનાર ઇસમને પકડી પાડતી મણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જે 'ડીવીજન નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ. એસ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.એચ.આઇ.રબારી તથા સાથેના સ્ટાફના માણસો હે.કો.વિક્રમભાઇ સાજણભાઇ બ.નં.૮૦૩૩ તથા પો.કો.રામજીભાઇ જાગાભાઇ બ.નં.૯૯૦૯ તથા પો.કો.અશોકભાઇ પ્રેમજીભાઇ બ.નં.૪૯૭૩ તથા પો.કો. અર્જુનસિંહ ભાવસિંહ બ.નં.૯૯૯૬ તથા એલ.આર.જામાભાઇ માત્રાભાઇ બ.નં-૧૩૦૬ તથા એલ.આર.મનિષભાઇ દેવજીભાઇ બ.નં.૯૩૧ તથા એલ આર દશરથસિંહ કનકસિંહ બ.નં-૧૧૦૨ નાઓ સાથે પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન ગોર્ધનવાડી ટેકરા પાસે જાહેર રોડ પર આવતા સાથેના એલ.આર.મનિષભાઇ દેવજીભાઇ તથા એલ આર દશરથસિંહ કનકસિંહ તથા એલ આર જામાભાઇ માત્રાભાઇ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે "એક ઇસમ જેને શરીરે સફેદ કલરનુ ટી શર્ટ તથા લાલ કલરનો લેઘો પહેરેલ છે જે ઇસમ એક્ક્ષેસ સ્કુટર નંબર GJ 27 DD 2937 લઇને લુટનો મુદ્દામાલ વેચવા મીરા સીનેમા ચાર રસ્તા તરફથી ગોર્ધનવાડી ટેકરા તરફ પસાર થનાર છે જે બાતમી આધારે વોચમા રહી આ કામના આરોપી ઈસમ નામે સાદિક ઉર્ફે રબડી સ/ઓ લીયાકતભાઇ જાતે અંસારી ઉ.વ.૩૨ રહે- મ.નં.૬૦ બાબાખાન રો હાઉસ શાહઅલમનગર આશિષ હોટેલની પાછળ ઇસનપુર અમદાવાદ શહેરનાને પકડી તેની અંગઝડતી દરમ્યાન એક કાળા મણકાવાળુ સોનાનુ મંગલસુત્ર કિ.રૂ.૪૦,૦૦૦/- તથા સીલ્વર કલરની એક્ક્ષેસ સ્કુટર નંબર GJ 27 DD 2937 જેનો એન્જીન-AF212158040 તથા ચેચીસ-MB8DP11AHK8F16549 નો છે જેની કિ.રૂ.૩૫૦૦૦/-ગણી કુલ્લે કિ.રૂ.૭૫૦૦૦/--નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરેલ છે જે મુદ્દામાલ બાબતે તેની પુછપરછ કરતા તા-૨૯/૦૬/૨૦૨૦ ના સવારના સાત વાગ્યાની આસપાસ મણીનગર સરદાર પટેલ સોસા આગળ જાહેર રોડ ઉપરથી એક બહેન ચાલતા જતા હતા જે દરમ્યાન તેમની પાછળથી આવી ગળામા હાથ નાખી સોનાનુ મંગલસુત્ર તોડી ભાગી ગયેલાની કબુલાત કરતો હોય જે બાબતે મણીનગર પો.સ્ટે.પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૨૨૦૦૪૬૩/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯ (એ)(૩) મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે આરોપીનો કોવીડ-૧૯ રીપોર્ટ કરાવી રીપોર્ટ નેગેટીવ આવતા આજરોજ ઉપરોક્ત ગુનામા અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે આ સીવાય અગાઉ આરોપી ખેડા તથા અમદાવાદ શહેરના દાણીલીમડા તથા ઇસનપુર પોલીસ સ્ટેશન લુટ તથા સાબરમતી,વેજલપુર પો.સ્ટે.મા ઘરફોડ ચોરીના ગુનામા પકડાયેલ છે



# પ્રોહીબીશનના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :-

## સીએનજી રીક્ષા માં ગુપ્ત ખાના બનાવી ઈગ્લીશ દારૂની હેરાફેરી કરતા ઈસમોને પકડી પાડતી રામોલ પોલીસ ઈગ્લીશ દારૂ ની બોટલો નંગ.૫૦ કીમત રૂપીયા ૨૫૦૦૦/- તથા સીએનજી રીક્ષા મળી કુલ્લે કીમત રૂપીયા ૭૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે બે ઈસમો ઝડપાયા

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ:-૦૬/૦૭/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.બી.સોલંકી તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની પ્રવુર્તીઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.સ.ઈ બી.બી.સોલંકી નાઓને મળેલ બાતમી આધારે રામોલ સુર્યમ ગ્રીન ત્રણ રસ્તા ખાતે પંચો સાથે વોચ તપાસ કરતા આરોપીઓ નં.૧ રાહુલ મોહનલાલજી પારઘી ઉવ:૧૯ રહે:ગામ:મેતાલી તા:ડુંગરપુર થાના:સદર જી:રાજસ્થાન તથા નં.૨ શૈલેષકુમાર લક્ષ્મણભાઈ પટેલ ઉવ:૪૦ રહે:પરીશીખર એસ્ટેટ શેડ નં.૯૮ રામોલ ટોલટેક્ષ પાસે રામોલ અમદાવાદ શહેર મુળવતન ગામ:મોટી રામતાઈ તા:દેત્રોજ જી:અમદાવાદ નાઓ વગર પાસ પરમીટે પોતાના કબજાની સીએનજી રીક્ષા નં.જીજે.૨૭.ડબ્લ્યુ.૪૭૬૩ માં પાછળની સીટના નીચેના ભાગે તથા રીક્ષાની નીચેના ભાગે અલગ અલગ ગુપ્ત ખાના બનાવી તેમા ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ:૫૦ કીમત રૂપીયા ૨૫૦૦૦/- તથા સીએનજી રીક્ષા મળી કુલ્લે કીમત રૂપીયા ૭૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી બન્ને આરોપીઓ વિરૂધ્ધ ધી પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫(એ)(ઈ),૧૧૬(બી), ૯૮(૨),૮૧ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



# જુગારના આરોપીની અટકાયતની વિગત

**ખોખરા પોલીસ સ્ટેશન :-**

## ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગાર રમતા સાત ઇસમોને રોકડ નાણાં રૂ.૧૫,૧૩૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૩ કિં.રૂ.૧૭૦૦૦/- સહિત કુલ્લે રૂ. ૩૨૧૩૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરતી સર્વેલન્સ સ્કવોડ ખોખરા પોલીસ

મે.નાયબ પોલીસ કમિશ્રનરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા પ્રોહી/જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત સાહેબશ્રીનાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી.આર.એન.ચુડાસમા તથા અ.હેડ.કોન્સ. જીગ્નેશભાઇ જીવાભાઇ બ.નં.૯૯૨૨ પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૦૩૫ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ તથા લો.ર.સંજયકુમાર મેહુરભાઇ બ.નં.૯૬૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડના લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ તથા લો.ર.સંજયકુમાર મેહુરભાઇ બ.નં.૯૬૮ નાઓને સંયુક્ત ખાનગી બાતમીદારથી ચોક્કસ બાતમી હકિકત મળેલ કે. "જયંતીવકીલની ચાલીના નાકે આવેલ ખુલ્લી જગ્યામા કેટલાક ઇસમો ભેગા મળી ગોળકુંડાળુ વળી ગજીફાપાનાથી હારજીતનો પૈસા પાનાથી જુગાર રમી રમાડે છે". જે બાતમી હકિકત આધારે સ્ટાફના માણસો સાથે સદરી જગ્યાએ રેઇડ કરતા ગંજીફા પાનાથી હારજીતનો જુગાર રમતા સાત ઇસમોને ત્યાંજ પકડી લીધેલ જેની અંગઝડતી તપાસ કરતા અંગઝડતી તથા દાવના નાણા રૂ. ૧૫,૧૩૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૩ જેની કુલ્લે કિં.રૂ.૧૭૦૦૦/ તથા ગંજીફાપાના નંગ-૫૨ જેની કિં.રૂ.૦૦/૦૦ ગણી જે મળી કુલ્લે રૂ. ૩૨,૧૩૦/- નો મુદ્દામાલ કબ્જે કરી જુગારનો કેશ શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે.



# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>વટવા પોલીસ સ્ટેશન :-</u>

## <u>પ્રોહીબીશન સબંધી બે આરોપીઓની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ</u>

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી જે-ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોને વટવા પો.સ્ટે. તેમજ અમદાવાદ શહેર ના અલગ-અલગ પો.સ્ટે ખાતે દાખલ થયેલ પ્રોહીબીશન ના ગુનામાં ૨(બે) આરોપીઓ વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીઓને વટવા પો.સ્ટે. ખાતે લાવી આરોપીઓની પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

અ.નં. (૧) ગુલાબભાઈ ઉર્ફે ગુલીયો જેરામભાઈ ચુનારા ઉવ.૫૧ રહે- ગાયત્રીનગર સુંદર વિદ્યાલયની બાજુમાં બચુભાઈનો કુવો વટવા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પો.સ્ટે. પાર્ટ-સી. પ્રોહી ગુરનં ૧૧૧૯૧૦૩૮૨૦૦૪૧૩/૨૦ પ્રોહી એક્ટ કલમ- ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાઓ આધારે મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૪૨૮/૨૦૨૦ તા.૦૬/૦૭/૨૦૨૦ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૬/૦૭/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

અ.નં. (૨) પપ્પુ સ/ઓ ગુલાબભાઈ ઉર્ફે ગુલીયો જેરામભાઈ જાતે- ચુનારા ઉવ.૨૮ રહે- ગાયત્રીનગર સુંદર વિદ્યાલયની બાજુમાં બચુભાઈનો કુવો વટવા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પો.સ્ટે. પાર્ટ-સી. પ્રોહી ગુરનં ૧૧૧૯૧૦૩૮૨૦૦૪૧૩/૨૦ પ્રોહી એક્ટ કલમ- ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) ના ગુનાઓ આધારે મે.પો.કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક- પીસીબી/ડીટીએન/પાસા/૪૨૯/૨૦૨૦ તા.૦૬/૦૭/૨૦૨૦ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૬/૦૭/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.





## <u>ગુના નિવારણ શાખા :-</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૬.૦૭.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરના ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી દેશીદારુ જનતા ના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા સીટીએમ ચાર રસ્તા અસલાલી મહેમદાવાદ ખાતેથી અજાણ્યા ઈસમ પાસેથી તથા પોતાના સાગરિત પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશીદારુનો જથ્થો પોતાના રહેણાક આસપાસ વિસ્તારમા વેચાણા કરવાના ઈરાદે મંગાવી લાવી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશીદારુનુ વેચાણ કરી એકબીજાના મેળાપીપણામા ગેરકાયદેસર ના વગર પાસ પરમીટના દેશીદારુ નો જથ્થાની હેરાફેરી કરી દેશી દારુનુ વેચાણ કરનાર ઈસમ નામે અતુલ ઉર્ફે ગોપાલ રાજુભાઈ દંતાણી (દેવીપુજક) રહે.મોતીભાઈ રબારીની ચાલી લાલભાઈ સેંટર સામે ભાઈપુરા ખોખરા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અતુલ ઉર્ફે ગોપાલ રાજુભાઈ દંતાણી (દેવીપુજક) રહે.મોતીભાઈ રબારીની ચાલી લાલભાઈ સેંટર સામે ભાઈપુરા ખોખરા અમદાવાદ |

અમદાવાદ શહેરના સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી ભારતીય બનાવટનો બીયર જનતાના સ્વાસ્થયને હાની કારક હોવા છ્તા પોતાના સાગરિત પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો બીયરનો જથ્થો પોતાના રહેણાક આસપાસ વિસ્તારમા વેચાણા કરવાના ઈરાદે લાવી પોતાના સાગરિતો સાથે મળી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના ભારતીય બનાવટના બીયર નુ વેચાણ કરી એકબીજાના મેળાપીપણામા ગેરકાયદેસર ના વગર પાસ પરમીટના ભારતીય બનાવટનો બીયરના જથ્થાની હેરાફેરી કરી દેશી દારુનુ વેચાણ કરનાર ઈસમ નામે અિભષેક મહેન્દ્રભાઈ રાઠોડ રહેવાસી- મહાજનીયા વાસ રામાપીરના મંદિર પાસે નરોડા પાટીયા રોડ સરદારનગર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છ

| | |
|---|---|
|  | અિભષેક મહેન્દ્રભાઈ રાઠોડ રહેવાસી- મહાજનીયા વાસ રામાપીરના મંદિર પાસે નરોડા પાટીયા રોડ સરદારનગર અમદાવાદ શહેર |

આ ઉપરાંત પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય **૨** ઇસમો મળી <u>**કુલ્લે ૪ ઇસમો**</u> **વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત, જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૧૭/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૩૫૯ લીટર દેશી દારૂ, ૪૦૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ રીક્ષા, ૧ મોટર સયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૧૮/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૧૯/૨૦૨૦

**એરપોર્ટઃ** શિરોયભાઇ બહેરામભાઇ મહેતા (ઉ.વ.૩૦) (રહે. મેહતા હાઉસ રિવર સાઇડ સ્કુલની બાજુમા સી.એસ.ડી ડેપો રોડ એરપોર્ટ રોડ) એ તા.૦૬/૦૭/૨૦૨૦ નારોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૪/૨૦૨૦ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૮૧૩૭૯૯૫૬૪, ૮૨૭૩૭૭૬૯૩૬, ૮૨૭૩૭૭૫૨૩૭ ના ધારકોએ શિરોય્ભાઈ મહેતાને ફોન કરી પોતે ગાંધીનગર આર્મીમાથી બોલે છે અને આર્મી માટે આઈવા કંપનીના પાણીના બોકસ જોઇએ છે તેવુ જણાવી શિરોયભાઈ મહેતાને વિશ્વાસમા લઈ રિફંડ આપવાની લાલચ આપી પેટીએમ મારફતે UPI તથા પેટીએમ વોલેટ દ્વારા ઓનલાઇન અલગ-અલગ ટ્રાંજેકશન કરાવી કુલ રૂપિયા ૯૨,૦૦૦/- વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.સી.રાઠવા ચલાવે છે.

## વાહન અકસ્માતમાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૧૨૦/૨૦૨૦

**“એમ” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ગૌરીબહેન ભરતભાઈ ચાવડા (ઉ.વ.૨૩) (રહે. મહાકાળી માતાના મંદિરની ચાલી સોમેશ્વરનગર વાસણા) તા.૦૧/૦૭/૨૦૨૦ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે અઢી વર્ષના પુત્ર કેવિનને લઈ એપીએમસી માર્કેટથી વાસણા તરફ જતા રોડ પર સોમેશ્વરનગર ચામુંડા ડેરી સામે રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે એક્ટીવા નંબર જીજે ૦૧ યુઝેડ ૦૧૭૮ ના ચાલકે એક્ટીવા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ગૌરીબહેનને ટક્કર મારતા ગૌરીબહેન તથા પુત્ર કેવીન પડી જતા પુત્ર કેવિનને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે ધરણીધર સિનર્જી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૭/૨૦૨૦ બપોરના ૧૨/૦૦ વાગે કેવિનનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ ગૌરીબહેન ચાવડાએ “એમ” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એસ.કટકડી ચલાવે છે.

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** મહમદ રફીકભાઇ પટણી (ઉ.વ.૫૦) (રહે. અહેતાશ્યામ એપાર્ટમેંટ દરીયાપુર ચંદન તલાવડી) તા.૦૨/૦૭/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ગણેશનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેંડ પીપળજ ગામ નજીકથી એકટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારી અજાણ્યા પલ્સર મોટર સાયકલ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મહમદ પટણીના એકટીવાને ટક્કર મારતા મહમદ પટણીને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૭/૨૦૨૦ કલાક ૮/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર મહમદ પટણીના પત્ની ઇસરતબાનુએ તા.૦૫/૦૭/૨૦૨૦ ના રોજ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

## વાહન ચોરી :- સમાચાર યાદી નં.૧૧૨૧/૨૦૨૦

**શહેરકોટડાઃ** જગદીશગીરી કોયાગીરી ગોસાઇ (રહે. ગોપી કોમ્પલેક્ષ ગોપી સિનેમા પાસે મેમ્કો) એ તા.૦૨/૦૭/૨૦૨૦ રાતના ૧૧/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે ૦૧ ડીટી ૭૦૫૭ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૩/૦૭/૨૦૨૦ કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જગદીશગીરી ગોસાઈએ તા.૦૬/૦૭/૨૦૨૦ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.ચૌધરી ચલાવે છે.

## આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૧૨૨/૨૦૨૦

**ઇસનપુરઃ** અજયભાઇ મનુભાઇ પરમાર (ઉ.વ.૩૫) (રહે.કાશી વિશ્વનાથ સોસાયટી વિભાગ-૨ કંકુબા સ્કુલ પાસે ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૦ સવારના ૧૦/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે રસોડાની છતના હુકમા દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.ગળચર ચલાવે છે.

**માધવપુરાઃ** અરૂણાબહેન દયાશંકર મુળીયા (ઉ.વ.૨૨) (રહે. નારી સંરક્ષણ ગૃહ ઓઢવ) તા.૧૪/૦૮/૨૦૧૯ ના રોજથી શાહીબાગ મેન્ટલ હોસ્પિટલ મહીલા વોર્ડમા સારવાર માટે દાખલ કરેલ હતા. જેઓએ અગમ્ય કારણસર તા.૦૫/૦૭/૨૦૨૦ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે મહીલા વોર્ડમા બારીના સળીયા સાથે ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**દાણીલીમડાઃ** મોહમદઅમીન સ/ઓ બહાદુરભાઇ જીવાણી (ઉ.વ.૩૧) (રહે.ચીમનભાઇ પેન્ટર્સની ચાલી સરકારી ગોડાઉન પાછળ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૭/૨૦૨૦ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાની બહેનને "હુ દુનિયા છોડીને જાવ છુ મને માફ કરજે અને મમ્મીનુ ધ્યાન રાખજે" એવો વોટ્સઅપ મેસેજ કરી પોતાના ઘરે છતના ભાગે પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

**રામોલઃ** અમૃતાબહેન વા/ઓ ચિરાગભાઈ પંડ્યા (ઉ.વ.૨૮) (રહે. રાધે ક્રીષ્ણા હેરીટેઝ તળાવ પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૦ સાજના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી